# વરસાદી માહોલમાં ચાની ચૂસ્કી બની હોટ ફેવરિટ

## ઝરમર ઝરમર વરસાદમાં ગરમાગરમ ચા સાથે ગરમા ગરમ નાસ્તો માણવા શહેરીજનોની ટી સ્ટોલ પર જમાવટ : નાની કીટલીથી માંડી મોટી ટી સ્ટોલમાં ચાની ડિમાન્ડમાં વધારો થયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે શહેરીજનો ગરમા ગરમ નાસ્તાઓ અને ગરમા ગરમ પીણા પીવાનું પસંદ કરી રહ્યા છે. જેમાં સૌથી પ્રિય પીણું એટલે ચા. શહેરમાં ચાની કીટલીઓ અને ચાની દુકાનો ઉપર ચાની ચુસ્કી માણતા લોકો જોવા મળી રહ્યા છે. ઉનાળાની ગરમી બાદ વરસાદી માહોલ જામતા ચાની દુકાનો અને ચાની કીટલીઓ ઉપર ગ્રાહકોની સંખ્યા વધી ગઈ છે.

લોકો ઝરમર વરસાદમાં ગરમા ગરમ ચા માણીને ખરો વરસાદનો આનંદ માણી રહ્યા છે. ગાંધીનગરમાં ચાના રસિયાઓ વરસાદી માહોલમાં સવારથી મોડી રાત સુધી વિવિધ પ્રકારની ચાની ચૂસ્કી લઈ રહ્યા છે. જેમાં ચાની દુકાનો અને કીટલીઓમાં ભારે ભીડ થઈ રહી છે. શહેરમાં ચાની વિવિધ સ્ટોલ પર અને કીટલીઓ પર આદુ અને ઈલાયચીવાળી ચા સૌથી વધારે પીવાય છે. વરસાદી માહોલમાં હાલમાં તો આ ચાના સ્ટોલ પર બેઠકો જામે છે. તે પછી મિત્રો સાથે હોય કે ઓફિસ સ્ટાફ સાથે હોય. ચા પીતા પીતા લોકોને કલાકો ક્યાં જાય તે પણ ખ્યાલ રહેતો નથી એવા મસગૂલ બની જાય છે. જો કે ચાના સ્ટોલ અને કીટલીઓ પર લોકો વાતો કરવા, માહિતીનું આદાન-પ્રદાન કરવા, પોતાની એકલતા દૂર કરવા માટે જાય છે. જેને સાદી ભાષામાં કહીએ તો લોકો ટાઈમપાસ કરવા, ચોવટ, ટોળટપ્પાં કરવા, ફ્રેશ થવા કીટલીએ જાય છે.







શહેરમાં સવાર પડતા જ ચાના સ્ટોલ પર લોકોની જમાવટ નજરે પડે છે. જો કે ચા વગર દિવસ કાઢવો મુશ્કેલ છે. સવારે એકવાર ચા તો પીવા જોઈએ જ. ત્યારે ચાનું સૌથી વધારે સેવન શિયાળામાં અને ચોમાસામાં કરવામાં આવે છે. નાની-નાની ચાની કીટલીઓ પર પણ ચાની ચૂસ્કીઓ ચાલી રહી છે. વેપારીઓએ દૂધની કોથળીની ખરીદીમાં પણ વધારો કર્યો છે. ઘણી ટી સ્ટોલમાં દૈનિક ૩૦થી ૪૦ કોથળી દૂધ વપરાય છે તેથી દૂધની ડિમાન્ડ પણ વધવા પામી છે. શહેરીજનો ગરમા ગરમ નાસ્તાઓ સાથે ગરમા ગરમ ચા પીવાનું પસંદ કરી રહ્યા છે. ઉનાળામાં ઠંડી વસ્તુઓનું વેચાણ વધારે હતુ તેમ ચોમાસામાં ગરમા ગરમ નાસ્તાઓ અને પીણાનું વેચાણ વધ્યું છે. ગુજરાતીઓ માટે દિવસની શરૂઆત જ ચાથી થતી હોય છે. પરંતુ શિયાળામાં અને વરસાદી વાતાવરણમાં ચાની ડિમાન્ડ વધી જાય છે. તેથી હાલમાં ચાની કીટલીઓ ગ્રાહકોથી ઉભરાઈ રહી છે. ગાંધીનગરમાં સરકારી ઓફિસોની પાસે નાની-નાની કીટલીઓમાં રીશેષ ટાઈમમાં ચાની ચૂસ્કી માણતા લોકોની ભીડ જામે છે. તેથી હાલમાં ચાના વ્યવસાયમાં ઘરાકી ચાલી રહી છે.

ચાઈજીમાં દૈનિક ૩૦૦ ગ્રાહકો ચાની ચૂસ્કી માણવા માટે નોંધાયા છે. નરેન્દ્રસિંહ વાઘેલા ચાઈજીના ઓનરના જણાવ્યા મુજબ વરસાદી માહોલમાં ચાનું વેચાણ વધ્યું છે. જેમાં સૌથી વધુ આદુ અને આદુ-ઈલાયચી મિક્સ ચા ઓન ડિમાન્ડ છે.

અહીંયા માટીના કુલડીમાં ચા પીરસવામાં આવે છે જેનો સ્વાદ નોર્મલ કાચના ગ્લાસ કરતા અલગ અને સુપર હોય છે. જિલ્લા પંચાયત પાસે આવેલી જયઅંબે ટી સ્ટોલ પણ જૂની અને જાણીતી છે. મોહનભાઈ મોદી છેલ્લા ૩૫ વર્ષથી ચા અને કોફીની લારી ચલાવે છે. જેનો સ્વાદ આટલા વર્ષો સુધી યથાવત જ છે. આ ૧૦ રૂપિયાની ચા ઘણા બધાની ફેવરેટ ચા બની ગઈ છે. લોકો ઓફિસોમાં અહીંયાથી ચા પેક કરાવીને લઈ જાય છે. એટલે કે ઓફિસરો અહીંયાથી મોટાપાયે ચા પીવાનું પસંદ કરે છે.

### શહેરમાં પ્રખ્યાત ટી-સ્ટોલ

- ચાઈ જી
- ચાયવાય
- ખેતલાપા ટી સ્ટોલ
- ટી લોજી
- ટી પોસ્ટ
- અપના અડ્ડા
- બાબારી ટી સ્ટોલ
- ચામુંડા ટી સ્ટોલ
- જય ગોપાલ ટી સ્ટોલ
- શિવશક્તિ ટી સ્ટોલ
- મહાકાળી ટી સ્ટોલ
- ધ જંગલ ટી સ્ટોલ
- બાપા સીતારામ ટી સ્ટોલ



# અરેરાટી : સે.૩૦માં વીજ કરંટ લાગવાથી ત્રણ ગાયોના કરૂણ મોત..!!

## સ્થાનિકોના જણાવ્યાં અનુસાર સ્ટ્રીટ લાઈટના છુટાં ચાલુ વાયરો વરસાદી પાણીમાં હતાં : ગાયોના બદલે કોઇ માનવી પણ ભોગ બની શક્યો હોત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં આજે સેક્ટર-૩૦ ખાતે સર્જાયેલી એક ખૂબ કમનસીબ ઘટનાએ શહેરના જીવદયા પ્રેમીઓના હદયને હચમચાવી મુક્યું હતું. સે.૩૦માં આજે સવારે સ્ટ્રીટ લાઈટના એક વીજપોલમાંથી કરંટ લાગવાને કારણે તેની નજીકમાં ફરતી ત્રણ ગાયોના કરૂણ મોત નિપજ્યાં હતાં. સ્થાનિક નાગરિકો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર સ્ટ્રીટ લાઈટના વાયરો છુટા હતાં જે બાજુમાં ભરાયેલાં વરસાદી પાણીમાં હતાં અને આ પાણીમાં ગાયોએ પગ મૂકતાં જ ગાયોને વીજ કરંટ લાગ્યો હતો.

ગાંધીનગર શહેરમાં આમ તો ચોમાસાની ઋતુની શહેરીજનોની અપેક્ષાના પ્રમાણમાં વરસાદી રમઝટ જામી નથી અને જેટલી મેઘમહેર થઈ છે તેના પ્રમાણમાં શહેરમાં વરસાદને કારણે સમસ્યાઓ વધુ સર્જાવા પામી રહી છે. શહેરમાં ઠેર ઠેર ભુવા, રોડ-રસ્તાની બિસ્માર હાલત અને વરસાદી પાણીના ભરાવાને કારણે કાદવ-કીચડ સહિત માખી-મચ્છરોનો ઉપદ્રવ વધી જવાથી ઘરે ઘરે માંદગીના ખાટલાં જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. આટલું ઓછું હોય તેમ આજે સે.૩૦માં સ્ટ્રીટ લાઈટના વીજપોલમાંથી વીજ કરંટના લિકેજને કારણે ત્રણ ત્રણ ગૌ માતાના થયેલાં અરેરાટીપૂર્ણ મોતને પગલે શહેરમાં ચિંતાનો માહોલ સર્જાયો છે. સે.૩૦માં આજે એક સ્ટ્રીટ લાઈટના વીજપોલ નજીક ખોરાકની શોધમાં ફરતી ત્રણ ગાયોને અચાનક વીજપોલમાંથી કરંટ લાગ્યો હતો જેના કારણે બે ગાયો તો તુરંત જ મોત નિપજ્યાં હતાં જ્યારે અન્ય એક ગાયના બચાવ માટે સ્થળ પર એકઠાં થયેલા રાહદારીઓ અને વાહનચાલકોએ કરૂણા હેલ્પલાઈનનો સંપર્ક કરીને સારવાર અપાવવા પ્રયાસ કર્યો તો પરંતુ થોડીવાર પછી તે ગાયનું પણ મોત થયું હતું. આ સમાચાર સોશિયલ પર વાઈરલ થતાં જ શહેરના જીવદયાપ્રેમીઓ સહિત નાગરિકોમાં અરેરાટી સાથે બેજવાબદાર વહિવટીતંત્ર પ્રત્યે ક્રોધની લાગણી પ્રસરવા પામી હતી અને સમગ્ર ઘટનાની યોગ્ય તપાસ થવી જોઈએ અને જવાબદાર સામે કાર્યવાહી થવી જોઈએ તેવી સ્થાનિકોમાં માંગ ઉઠવા પામી છે.



### શહેરમાં આવા જોખમી વીજપોલ કોઇનો ભોગ લે તે પહેલાં તંત્ર જાગે

સે.૩૦માં એક તરફ શહેરીજનોને ત્રણ ગાયોના મોતને કારણે આઘાતની લાગણી અનુભવાઈ રહી છે ત્યારે બીજી તરફ આ રીતે વીજ કરંટનો ભોગ નાગરિકો કે કોઈ બાળકો પણ બની શકે છે તેવા વિચાર માત્રથી ફફડાટ સર્જાઈ રહ્યો છે. ચોમાસાની ઋતુમાં શહેરમાં આ પ્રકારે વીજ કરંટ લિકેજ થવો જોખમી બની શકે છે તેથી આવી સંભવિત ઘટનાઓ નિવારવા માટે શહેરના વહીવટીતંત્રએ તાકીદે પગલાં ભરવા જોઈએ તેવી શહેરીજનોમાં માંગ પણ ઉઠવા પામી રહી છે. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ પણ આ અત્યંત કરૂણ ઘટના પ્રત્યે ચિંતા વ્યક્ત કરીને વહિવટી તંત્રએ સત્વરે પગલાં ભરવા જોઈએ અને આ પ્રકારની બેદરકારી દાખવનાર સામે પગલાં ભરવા જોઈએ તેવી માંગ કરી છે.

# ખુલ્લામાં શૌચમુક્ત થવામાં ગુજરાત અગ્રેસર

## રાજ્યની તમામ ૮ નગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓમાં કુલ ૫,૬૦,૦૪૬ વ્યક્તિગત શૌચાલયોની સેવા પૂરી પાડવામાં ગુજરાત અગ્રણી રાજ્ય બન્યુ

ગાંધીનગર, તા. ૨૦

સારૂ સ્વાસ્થ્ય મેળવવાની પ્રથમ ચાવી છે સ્વચ્છતા. જ્યાં સ્વચ્છતા હશે ત્યાં અમુક રોગોનો તો પ્રવેશ જ નહી થાય. સ્વચ્છતા પ્રાપ્ત કરવાનું સૌ પ્રથમ પગલુ છે આપણી આસપાસના સ્થળને સ્વચ્છ બનાવવુ અને ખુલ્લામાં શૌચ મુક્તિ. સંપૂર્ણ સ્વચ્છતા મેળવવા માટે ભારતમાં શરૂ કરાયેલા સ્વચ્છ ભારત અભિયાનને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ સાંપડ્યો છે. ગુજરાત દેશમાં ખુલ્લામાં શૌચમુક્ત થવામાં અગ્રેસર રાજ્ય બન્યું છે.



આપણે ત્યાં કહેવાયું છે કે ‘જ્યાં સ્વચ્છતા હોય છે ત્યાં પ્રભુનો વાસ’ હોય છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ પણ સ્વચ્છતાને ખૂબ મહત્વ આપ્યું હતું. તેમના સ્વચ્છતાના મંત્રને આત્મસાત કરીને આદરણીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ સમગ્ર દેશમાં સ્વચ્છ ભારત મિશનની શરૂઆત કરી. આ મિશન હેઠળ દેશને ખુલ્લામાં શૌચમુક્ત બનાવવાનો નિર્ધાર કર્યો. સાથે જ શહેરોમાં ડોર ટુ ડમ્પની વ્યવસ્થા ઉભી કરવામાં આવી. સાત વર્ષ બાદ પરિણામ એ આવ્યું છે કે આપણે હવે સવારના કચરો લેવા આવતા વાહનને કચરાની ગાડી નહીં પરંતુ સ્વચ્છ ભારતની ગાડી આવી તેમ નાગિરકો કહેતા થયા છે. સ્વચ્છતાએ શહેરોનો સ્વભાવ બની ગયો છે. આદણીય વડાપ્રધાને સ્વચ્છ ભારત અભિયાનને આગળ વધારતા સ્વચ્છ ભારત અભિયના-૨.૦ ની શરૂઆત કરાવી છે જેમાં શહેરોના ઘન કચરાના નિકાલ પર વધુ ભાર અપાયો છે. સાથે નગરપાલિકા વિસ્તારમાં કચરાના નિકાલ અને પ્રોસેસીંગ પર ભાર આપવામાં આવ્યો છે.

સ્વચ્છ ભારત મિશન હેઠળ આદરણીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાત મક્કમતાથી આગળ વધી રહ્યું છે. તાજેતરમાં આદરણીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે રાજ્યનો પહેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું જામનગર ખાતે લોકાર્પણ કર્યું છે. ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે પીપીપી ધોરણે આ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે. જે દૈનિક ૪૫૦ મેટ્રિક ટન કચરાને પ્રોસેસ કરીને તેમાંથી દૈનિક ૭.૫ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.

## સ્વચ્છ ભારત અભિયાન ૨.૦ માં ગુજરાતે સઘન કામગીરી કરી

સ્વચ્છ ભારત અભિયાન
एक कदम स्वच्छता की ओर

### શૌચાલય નિર્માણ

- રાજ્યની તમામ ૮ મહાનગરપાલિકાઓ તથા ૧૫૬ નગરપાલિકાઓમાં કુલ ૫,૬૦,૦૪૬ વ્યક્તિગત શૌચાલયોની સેવા પૂરી પાડવામાં ગુજરાત ભારતનું અગ્રણી રાજ્ય છે.
- સમગ્ર ભારતમાં શહેરી વિસ્તારમાં ગુજરાત રાજ્ય સૌ પ્રથમ ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત જાહેર થયેલ
- ODF + અંતર્ગત રાજ્યની ૧ મહાનગરપાલિકા તથા ૪૧ નગરપાલિકાઓ ODF+ જાહેર થયેલ છે, તેમજ ૬ મહાનગરપાલિકાઓ તથા ૧૧૦ નગરપાલિકાઓ ODF++ જાહેર કરવામાં આવી છે.
- રાજ્યની સુરત મહાનગરપાલિકા વોટર પ્લસ જાહેર કરવામાં આવી છે.



### રાજ્યના પહેલા વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટનું જામનગર ખાતે લોકાર્પણ



### સ્વચ્છ સર્વેક્ષણમાં પ્રાપ્ત કરેલ સિદ્ધિઓ

- સ્વચ્છતા સર્વેક્ષણમાં હંમેશા રાજ્યના શહેરો ટોપ ટેનમાં રહેલા છે.
- વર્ષ ૨૦૨૦ના છેલ્લા સ્વચ્છતા સર્વેક્ષણમાં ભારતના સ્વચ્છ શહેરમાં સુરત બીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે.
- ભારતના ૪૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે.
- ગાંધીનગર મહાનગરપાલિકા અને પેટલાદ નગરપાલિકાને બેસ્ટ ઈનોવેશનની કામગીરી બદલ એવોર્ડ આપવામાં આવ્યા છે.

### પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટની સ્થિતિ

- પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ નિયમો, ૨૦૧૬નો અમલ કરવામાં આવ્યો છે.
- રાજ્યની તમામ નગરપાલિકાઓ અને ૭ મહાનગરપાલિકાએ પ્લાસ્ટિક વેસ્ટ બાયલોઝ તૈયાર કરી તેની અમલવારી શરૂ કરી દીધી છે.
- રાજ્યના સચિવકક્ષાના અધ્યક્ષસ્થાને રાજ્યકક્ષાની પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ મોનીટરીંગ કમિટીની મીટીંગ ૧૪ વખત મળેલ જેમાં ૧૩૨ એક્શન પ્લાનને અનુમોદન આપવામાં આવેલ છે.

### સ્વચ્છ ભારત મિશન - શહેરી હેઠળ ગુજરાતની સિદ્ધિઓ

- રાજ્યના સુરત અને રાજકોટ શહેરને સ્વચ્છતા માટે ૫ સ્ટાર રેટિંગ
- રાજ્યના અમદાવાદ, ગાંધીનગર, જામનગર, બગસરા અને વડોદરા શહેરને સ્વચ્છતા માટે ૩ સ્ટાર રેટિંગ
- ભારતના સૌથી સ્વચ્છ શહેર (India’s Cleanest City Award) માટેના એવોર્ડમાં સુરત શહેરનો બીજો ક્રમાંક

### સ્વચ્છ ભારત મિશન અંતર્ગત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ



- રાજ્યના શહેરોના કુલ ૧૩૭૮ વોર્ડમાં ડોર ટુ ડોર કલેક્શનની કામગીરી થાય છે. જે ૯૯ ટકા કામગીરી થાય છે.
- રાજ્યમાં ૯૮૪૬ TPD કચરો ઉત્પન્ન થાય છે જેનો ૮૭.૯૧ ટકા કચરો પ્રોસેસ કરવામાં આવે છે.
- ૧૨૪૩ વોર્ડમાં ૧૦૦ ટકા સેગ્રીગેશન કરવામાં આવે છે.
- રાજ્યમાં ૧૭૩.૨૫ ટન લીગસી વેસ્ટ જનરેટ થાય છે જેમાંથી ૪૬ ટકા વેસ્ટને પ્રોસીસ કરવામાં આવે છે.